Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

"લક્ષ્ય" વગરનું જીવન ભટકતા જીવ જેવું વ્યર્થ હોય છે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22● Issue No. - 262● 1st July 2025 Price Rs. 2/- ● Pages-08

**જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ**

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એન. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................. (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ..................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ.................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ...................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ.પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

### શૈક્ષણિક સમિતિ નો અહેવાલ વર્ષ (૨૦૨૫ – ૨૬)

દર વર્ષની જેમ આ વર્ષે પણ (Full Scap જંબો સાઈઝ ૧૪૪ પેજના ) દરેક ભણતા વિદ્યાર્થી દીઠ બે ડઝન ચોપડા તેમજ ( પાઉચ, ૫ નંગ બોલપેન , સ્કેલ, રબર, પેન પેન્સિલ અને ૧૦ નંગ એક્સ્ટ્રા લીડ ) નું ૧ નંગ પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરંતુ આ યોજનાનો લાભ જે સભ્યો અમદાવાદ જ્ઞાતિ મંડળનું સભ્યપદ ધરાવતા હોય અને તેમના અભ્યાસ કરતા સંતાનને જ... તેમ જ જેમને Google ફોર્મ દ્વારા નોંધણી કરાવી હોય તેમને જ આ લાભ આપવામાં આવ્યો હતો. આમ દર વર્ષે આ લાભ રાહત દરે આપવામાં આવતો હોય છે પરંતુ આ વર્ષે સમાજના ઉદારદિલ દાતા શ્રી ભરતકુમાર રસિકલાલ શાહ ( વિસનગર હાલ અમેરિકા )તરફથી દાન મળતા તદ્દન ફ્રી (નિ:શુલ્ક) માં આપવામાં આવ્યા હતા. એટલે કે ૧ વિદ્યાર્થી દીઠ ૭૭૦/– રૂપિયાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી મેહસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, શૈક્ષણિક કમિટી તેમજ સમાજ ના વિદ્યાર્થી મિત્રો ખૂબ જ દિલથી આપના પરિવાર નો આભાર વ્યક્ત કરે છે.

આ યોજનાનો લાભ સમાજના ૨૨૦ વિદ્યાર્થીઓએ લીધો હતો આ વિતરણ નું આયોજન તારીખ ૨૫ /૫ /૨૦૨૫ અને ૧/ ૬ /૨૦૨૫ એમ બે રવિવાર દરમિયાન સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી વાસણા મંડળના હોલ ઉપર તેમજ પૂર્વ વિસ્તાર માટે અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક) કૃષ્ણનગર તેમના નિવાસસ્થાનેથી વ્યવસ્થા કરવામાં આવી હતી. આવનાર દરેક સભ્યોને ગરમીમાં રાહત મળે તે હેતુથી ઠંડી છાશનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શૈક્ષણિક સહાય યોજના ના સંદર્ભ માં ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તરફથી કુલ ૯ અરજી આવેલ હતી તે દરેક અરજી મંજૂર કરવામાં આવેલ છે. જે પેટે કુલ રૂા. ૭૩,૯૦૦/- ચૂકવેલ છે. તેમજ વિદ્યાર્થી ને ગણવેશ ના મહતમ રૂા. ૧,૦૦૦/– પણ અલગ થી આપવામાં આવેલ છે.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બકુભાઇ ગાંધી, પ્રમુખ શ્રી વિજયભાઈ કે શાહ, ઉપપ્રમુખ શ્રી ભાઈલાલભાઈ ગાંધી, મંત્રી શ્રી ભાવેશભાઈ શાહ ના સલાહ – સુચન – સહયોગ પ્રાપ્ત થયા તે બદલ શૈક્ષણિક સમિતિ તેમની આભારી છે વળી શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ શાહ, સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ શાહ તથા સભ્યશ્રીઓ શ્રી ભરતભાઈ એમ શાહ, શ્રી રમેશભાઈ સી શાહ, શ્રી તેજસભાઈ એસ શાહ ,તથા અન્ય કમિટીના શ્રી મિહિરભાઈ એચ શાહ અને યોગેશભાઈ જી શાહે બંને રવિવારે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી પોતાના સમયનો ભોગ આપીને નિષ્ઠાપૂર્વક સેવા આપેલ છે.

તે જ રીતે કૃષ્ણનગર સેન્ટર ખાતે શ્રી અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક) એ પણ બંને રવિવારે પૂર્વ વિસ્તાર માટેના સભ્યો માટે મંડળને નિષ્ઠાપૂર્વક સેવા આપેલ છે.તેમને ગરમી માં રાહત આપવા સભ્યો ને ઠંડા સરબત ની વ્યવસ્થા કરી હતી.. અમદાવાદ જ્ઞાતિ મંડળ આ સર્વેનો હ્દય પૂર્વક ધન્યવાદ સહ આભાર માને છે.

**રિમાઇન્ડરઃ**

પરિવાર પત્રિકાના ગયા અંક માં જાહેર કર્યા મુજબ ધોરણ ૧ થી ૧૦ તેમજ ધોરણ ૧૧, ૧૨ સાયન્સ, કોમર્સ ,આર્ટસમાં ૭૫% કે તેથી વધુ ટકા મેળવેલા હોય તેવા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓ અને ઉચ્ચ શિક્ષણની વિવિધ ફેકલ્ટીઝમાં ડિગ્રી, ડિપ્લોમા વગેરેમાં ઉત્તરણી થયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ પણ પોતાની માર્કશીટ મંડળના હોલ વાસણા ખાતે રૂબરૂ આવીને માર્કશીટ માટેનું ફોર્મ ભરીને તારીખ ૩૧/૭/૨૦૨૫ સુધીમાં

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**

**(જાન્યુઆરી-૨૫ થી ડીસેમ્બર-૨૫)**



**સ્વ.કાન્તાબેન શશીકાન્તભાઈ ગાંધી**

(મોઢેરા) અમદાવાદ

જન્મ તા.૦૧-૦૬-૧૯૪૮ - સ્વ.તા.૧૦-૦૭-૨૦૨૩

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના

**સદ્‌ગતની સ્મૃતિમાં**

અલકા હિતેશકુમાર ગાંધી
હિતેશકુમાર બકુભાઈ ગાંધી
ચાર્મી હિતેશકુમાર ગાંધી
વિધિ હિતેશકુમાર ગાંધી

**સ્વ.કમળાબેન પોપટલાલ ગાંધી**
**સ્વ.પોપટલાલ મોહનલાલ ગાંધી**

પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

મોકલી આપવાની રહેશે ત્યારબાદ સ્વીકારવામાં નહીં આવે તેની ખાસ નોંધ લેવી. અહીંયા આવેલી માર્કશીટ જ ઇનામને પાત્ર થશે તેની ખાસ નોંધ લેવી. આ વર્ષથી ગ્રેડ વાળી માર્કશીટ પણ લેવામાં આવે છે તો જેમને પણ A+, A, B+ ગ્રેડ આવ્યો હોય તેમને પણ પોતાની માર્કશીટ મોકલવી.

**ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક સહાય માટેના ફોર્મ માટે અગત્યની સૂચના**

ધોરણ ૧૧ -૧૨ તથા ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક સહાય લેવા ઇચ્છતા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓએ જરૂરી પુરાવા જે નીચે મુજબ લખેલા છે તે લઈને મંડળની ઓફિસે રૂબરૂ આવીને તારીખ ૨૦/૭/૨૦૨૫ અને ૨૭/૭/૨૦૨૫ એમ ૨ રવિવાર ના રોજ સવારે ૧૦ થી ૧૨.૩૦ સુધી માં આવી તેનું નિયત ફોર્મ ભરી જવું. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**નીચે મુજબની વિગતો લઈને સાથે આવવું ફોર્મ ઘરે આપવામાં આવશે નહીં. તેની ખાસ નોંધ લેશો.**

૧. વિદ્યાર્થીની માર્કશીટ ૨. વિદ્યાર્થીની આધાર કાર્ડ ની ઝેરોક્ષ કોપી ૩. વિદ્યાર્થીના પિતાની આધાર કાર્ડ ની ઝેરોક્ષ કોપી ૪. કોલેજના લેટરપેડ ઉપર આખા વર્ષની ફીની માહિતી ૫. કોલેજમાં જે નામનો ચેક લેવાનો હોય તે નામની સંપૂર્ણ વિગત ૬. ઘર ના છેલ્લા માસની લાઈટ બિલ ની ઝેરોક્ષ કોપી ૭. વિદ્યાર્થીના પિતાશ્રીના આવકનો પુરાવો.

સાધર્મિક વાત્સલ્ય યોજનાના કાયમી દાતા શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) અને મુકેશભાઈ સુરેશચંદ્ર ગાંધી (રણુંજ) તથા સહાયક દાતા શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી)ના સહયોગ દ્વારા ચાલે છે. વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ રાઉન્ડમાં ૩૭ પરિવાર (કુટુંબ) તરફથી અરજીઓ મળવા પામેલ, જે તમામ અરજીઓનો સ્વિકાર કરતા ૩૭ પરિવારની સભ્ય સંખ્યા ૧૦૩ થવા પામેલ, પરિવારના સભ્યોની સંખ્યા મુજબ ઘઉં સભ્ય દિઠ ૩૦ કિલો અને પરિવાર દિઠ મગ, મોગરની દાળ, તુવરની દાળ, ખાંડ, ગોળ, તેલ મોકલવામાં આવેલ. જેની રકમ રૂપિયા ૨,૦૧,૪૪૫/- થવા પામેલ છે. અનુમોદના પેટે મળેલ રકમ રૂપિયા ૫૫,૦૦૦/- અને મસાલા માટેની રકમ રૂપિયા ૨૭,૫૦૦/- મળીને કુલ રકમ રૂા. ૮૨,૫૦૦/- થાય છે. જેમાંથી દરેક પરિવારના ભાગે આવતી રકમ મોકલવામાં આવેલ છે.

શ્રી ભાવેશભાઈ એમ શાહ-મંત્રી • શ્રી રમેશભાઈ સી શાહ-સહમંત્રી • શ્રી સંદીપભાઈ એસ શાહ-કન્વીનર

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ



શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ સમાજ ના અગ્રણીઓના હસ્તે વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું.



પૂર્વ વિસ્તારના સેન્ટર માટે ચોપડા વિતરણ ની સેવા આપતા શ્રી અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક)ની તસ્વીરની એક ઝલક



**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
**(ગાંભુ-હાલ:પૂના)**
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ✥ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

**મનમાં જીતવાની આશા હોવી જોઈએ**
**નસીબ બદલાય કે ના બદલાય**
**પણ સમય ચોક્કસ બદલાય છે.**

**હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)**
**રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)**

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, ક્રીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

॥ શ્રી શામળા પાર્શ્વનાથાય નમઃ ॥

માતા શાન્તાબેન અને પિતા મનુભાઈ શાંતિલાલ શાહની સ્મૃતિમાં ધર્માનુરાગી તેમના સુપુત્રો શ્રી રાજેશભાઈ, શ્રી ધર્મેન્દ્રભાઈ અને શ્રી વિપુલભાઈએ પૂ.આ.ભગવંત શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી અને પૂ.આ.શ્રી તત્વપ્રભસૂરીશ્વરજી મ.સા.ના સદ્ઉપદેશ અને પ્રેરણાથી તેમજ તેમના સમગ્ર પરિવારના સહકાર અને ઉત્સાહથી પૂજ્ય સાધુ-સાધ્વિ ભગવંતો, શ્રાવક, શ્રાવિકાવૃંદની ઉપસ્થિતીમાં સ્વદ્રવ્યથી નવનિર્માણ કરેલ.

## માતુશ્રી શાન્તાબેન-મનુભાઈ આરાધના ભવન

નું ઉદ્‌ઘાટન કરેલ છે. જે સાધુ-સાધ્વિ ભગવંતોની વૈયાવચ્ચ અને આરાધના માટેનું ઉચ્ચતમ્ સ્થાન ધરાવે છે. ઉપાશ્રયમાં સંતોની વાણી વરસે. સંત અને સરીતા બન્ને પાવન છે. જે પતિતને પાવન કરનારા છે. ઉપાશ્રયમાં પૂજ્ય વડિલોના આશિર્વાદ અને ધાર્મિક સંસ્કારોનો વારસો પ્રાપ્ત કરનાર આ ત્રણે ભાઈઓ અને પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.

**આ પરિવાર લણવા ગામનું ગૌરવ છે.**

## ઉદ્‌ઘાટન પ્રસંગની યાદગાર તસ્વિરોની એક ઝલક











**સ્થળ**

**સંજીવની આયુ.હોસ્પિટલ**

સૃષ્ટિ ફ્લેટની ગલીમાં, મૈત્રીવાત્સલ્ય ધામવાળી ગલીમાં છેલ્લો બંગલો, સીપ્કી ફ્લેટ, પૃથ્વી ફ્લેટ પાસે, જૈનનગર, અમદાવાદ.

## જૈનમ્ જયતિ શાસનમ્


ધનથી માન મળે છે અને ધર્મથી આદર મળે છે.
ધન અને ધર્મના સમન્વયથી આવા સત્કાર્યો ઉદ્‌ભવે છે.

સેવા સહકાર સંકલન સંગઠન

## સંપાદકિય

# સજ્જનતા અપનાવવાથી સહૃદયી બની શકાય છે.

પ્રેમ અંતઃકરણનું અમૃત છે, જેમની ભાવનાઓ સ્નેહાળ હોય છે તેઓ આવી પ્રેઅનુભૂતિઓથી આનંદિત રહે છે અને બીજા પર તેના છાંટા ઉડાડીને તેમને પણ આનંદ આપે છે. પ્રેમ એક ચુંબક છે, જેનાથી સમાન ગુણધર્મી તત્વો અનાયાસે ખેંચાતાં આવે છે. જો પ્રેમભાવના સાથે આદર્શવાદ પણ જોડાયેલો હોય તો શ્રેષ્ઠ વ્યક્તિત્વ અને શ્રેષ્ઠ તત્વ સાથે પોતાના સંબંધો મજબૂત થતા જશે.. ખરાબ પ્રકૃતિના, પરંતુ પ્રેમી સ્વભાવના લોકો ખરાબ ચંડાળ ચોકડીના આગેવાન બનેલા દેખાય છે. આ વાત સારા સ્વભાવ માટે પણ લાગુ પડે છે. મધુરતા અને મમતા સાથે સજ્જનતા પણ જોડાયેલી હોય તો પછી આપણને દેવ સમાજના સન્માનિત સભ્ય તરીકે જોવામાં આવશે.



**અરીસામાં આપણું જ પ્રતિબિંબ દેખાય છે.જો કુરૂપ છબી દેખાય તો અરીસા પર ક્રોધ કરવો નકામો છે. જેવી આપણી મુખાકૃતિ હશે એવી જ પ્રતિછાયા સામે દેખાશે. બીજાને સુધારતા પહેલાં આપણામાં આવશ્યક ફેરફાર કરવો પડશે, નહીંતર આપણી મરજીની દુનિયા જોવાનાં સ્વપ્ન ક્યારેય સાકાર નહીં થાય.**

અરીસામાં આપણું જ પ્રતિબિંબ દેખાય છે. જો કુરૂપ છબી દેખાય તો અરીસા પર ક્રોધ કરવો નકામો છે. જેવી આપણી મુખાકૃતિ હશે એવી જ પ્રતિછાયા સામે દેખાશે. બીજાને સુધારતાં પહેલાં આપણામાં આવશ્યક ફેરફાર કરવો પડશે, નહીંતર આપણી મરજીની દુનિયા જોવાનાં સ્વપ્ન ક્યારેય સાકાર નહીં થાય. હંમેશાં એવું બને છે કે આપણા દુર્ગુણોની પ્રતિક્રિયા જ અનિચ્છનીય પરિસ્થિતિઓ સ્વરૂપે આપણી આજુબાજુ ફરતી છે. જો આપણામાં જરૂરી પરિવર્તન થાય તો બીજામાં પણ પરિવર્તનનો આભાસ થવા લાગશે.

કઠોર, નીરસ અને સ્વાર્થી વ્યક્તિ બીજા પાસેથી યોગ્ય સત્કાર અને સારો સહયોગ નહીં મેળવી શકે. જો તમારી નીતિમાં જ ખામી હશે તો તમને બીજા લોકો નીરસ અને અસહયોગી જણાશે અને ઉપેક્ષા તથા અવજ્ઞા કરશે. જેમનામાં સચ્ચાઈ અને આત્મીયતાની વિશેષતાઓ ભરપૂર છે તેમને સામાન્ય રીતે બીજાની ફરિયાદો ઓછી જ કરવી પડે છે. હકીકત તો એ છે કે જેમને બીજા લોકો અયોગ્ય માને છે તેઓ પણ તેમની સામે અનુકુળતા અને સદ્ભાવનાનો પરિચય આપતા જોવા મળે છે.

આળસુ અને અનિયમિત વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર અઘરું જણાય છે અને શિક્ષણ તેમજ શિક્ષકોને દોષ આપે છે. જ્યારે તે જ પરિસ્થિતિમાં બીજા મહેનતુ અને મન દઈને ભણનારા વિદ્યાર્થીઓ સારા વર્ગમાં પાસ થાય છે. મુશ્કેલીઓથી સાધારણ અવરોધ તો આવે છે, પરંતુ પ્રબળ પુરુષાર્થથી તેમનું સમાધાન થઇ શકે છે. જિંદગીમાં કટુતા અને વિષમતાની પરિસ્થિતિ ઓછી હોતી નથી, પરંતુ તે બધાથી મોટું સંકટ એ છે કે ડગલે ને પગલે અમંગળની આશંકા કરવામાં આવે છે. લઘુતા, નિરાશા, ભીરુતા અને અશુભ કલ્પનાઓ મનુષ્યનું સત્ત્વ નિચોવી લે છે, તે આંતરિક દ્રષ્ટિએ ખોખલો અને કુરૂપ બની જાય છે. આવી મનઃસ્થિતિને જોઈને પાસે આવેલી સફળતા પણ પાછી ફરી જાય છે.

બકુભાઈ સી. ગાંધી (સમોડ)-સંપાદક ● રમેશભાઈ સી. શાહ(કમાણા)-સહ સંપાદક




એક રાજા સવારે ફરવા માટે મહેલમાંથી એકલો નીકળ્યો. રસ્તામાં તેણે એક ખેડૂતને પોતાના ખેતરમાં કામ કરતો જોયો, જે પરસેવાથી લથપથ હતો. રાજાએ પૂછ્યું, ભાઈ, તમે આટલી મહેનત કરો છો, તમે એક દિવસમાં કેટલી કમાણી કરો છો ? ખેડૂતે જવાબ આપ્યો, એક સોનાનો સિક્કો. રાજાએ પૂછ્યું, તમે તે સોનાના સિક્કાનું શું કરો છો ?

ખેડૂતે કહ્યું, હે રાજા! હું તેનો ચોથો ભાગ પોતે ખાઉં છું. બીજો ચોથો ભાગ હું ઉધાર આપું છું. ત્રીજા ચોથા ભાગનું વ્યાજ ચૂકવું છું અને બાકીનો ચોથો ભાગ કૂવામાં ફેંકી દઉં છું. ખેડૂત શું કહે છે તે રાજા સમજી શક્યો નહીં. તેણે કહ્યું,' ભાઈ, મને કોયડો ના બનાવો. મને સ્પષ્ટ કહો.' ખેડૂતે સહેજ હસીને કહ્યું, મહારાજ, પહેલા ચોથા ભાગથી હું પોતાને અને મારી પત્નીને ખવડાવું છુ, બીજા ચોથા ભાગથી હું મારા બાળકોને ખવડાવું છું, કારણ કે તેઓ જ આપણા વૃદ્ધાવસ્થામાં આપણી સંભાળ રાખશે. હું મારા વૃદ્ધ માતાપિતાને ત્રીજા ચોથા ભાગથી ખવડાવું છું, કારણ કે તેઓએ મને ઉછેર્યો છે. તેથી હું તેમનો ઋણી છું. આ રીતે હું તેમનું વ્યાજ ચૂકવું છું. બાકીનો ચોથો ભાગ હું દાનમાં ખર્ચ કરૂ છું જેથી મૃત્યુ પછી મારૂ મૃત્યુ પછીનું જીવન સુધરે. ખેડૂતની પ્રામાણિકતાથી રાજા ખૂબ ખુશ હતો.

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



**સ્નેહલબેન વિશાલકુમાર શાહ**
ગામ : પિંઢારપુરા - અમદાવાદ
મોબાઈલ : ૯૫૫૮૮૯૯૩૪૩
જન્મ તારીખ : ૩ જુલાઈ



**મયુરભાઈ કેશવલાલ ગાંધી**
ગામ : રણુંજ - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૬૧૭૩૩૮૩
જન્મ તારીખ : ૬ જુલાઈ



**શૈલેન્દ્રકુમાર જશવંતલાલ શાહ**
ગામ : ભાલક - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૬૦૮૫૪૧૦
જન્મ તારીખ : ૮ જુલાઈ



**ઈશાનકુમાર વિપુલકુમાર શાહ**
ગામ : પિંઢારપુરા - અમદાવાદ
મોબાઈલ : ૯૩૭૪૩૧૧૧૬૧
જન્મ તારીખ : ૯ જુલાઈ



**દેવલબેન કીરણકુમાર શાહ**
ગામ : તરભ - અમદાવાદ
મોબાઈલ : ૯૯૯૮૪૧૬૧૬૧
જન્મ તારીખ : ૧૩ જુલાઈ



**જીનલબેન કલ્પેશકુમાર શાહ**
ગામ : બોરીઆવી - અમદાવાદ
મોબાઈલ : ૯૭૦૨૦૦૫૯૫૯
જન્મ તારીખ : ૧૪ જુલાઈ



**જયેશકુમાર વિનોદચંદ્ર શાહ**
ગામ : લણવા - વાપી
મોબાઈલ : ૯૮૨૪૪૬૦૦૦૯
જન્મ તારીખ : ૧૬ જુલાઈ



**વિપુલકુમાર હીંમતલાલ શાહ**
ગામ : પિંઢારપુરા - અમદાવાદ
મોબાઈલ : ૯૩૭૪૩૧૧૧૬૧
જન્મ તારીખ : ૧૯ જુલાઈ



**હીનાબેન હરેશકુમાર શાહ**
ગામ : ભાલક - મુંબઈ
મોબાઈલ : ૯૩૨૪૯૨૫૫૦૪
જન્મ તારીખ : ૨૪ જુલાઈ



**વૃદ્ધિબેન મિતુલકુમાર શાહ**
ગામ : અમદાવાદ
મોબાઈલ : ૮૯૮૦૧૮૨૮૯૬
જન્મ તારીખ : ૨૪ જુલાઈ



**દર્શિનકુમાર જીતેશકુમાર શાહ**
ગામ : બોરીઆવી - અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૯૩૫૭૦૭૬
જન્મ તારીખ : ૨૭ જુલાઈ



**વિજય કનુભાઈ શાહ**
ગામ : બોરીઆવી- અમદાવાદ
મોબાઈલ : ૯૯૯૮૬૦૨૮૯૬
જન્મ તારીખ : ૨૭ જુલાઈ



**અનિતાબેન અલ્પેશકુમાર શાહ**
ગામ : બોકરવાડા- અમદાવાદ
મોબાઈલ : ૮૧૪૧૦૨૧૨૬૪
જન્મ તારીખ : ૨૯ જુલાઈ

## સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**શ્રીમતી જીજ્ઞાબેન જીતેશકુમાર શાહ**
**અને**
**શ્રી જીતેશકુમાર લહેરચંદભાઈ શાહ**

લગ્ન તારીખ : ૧૫ જુલાઈ

મોબાઈલ : +૯૧ ૯૮૨૪૦૪૮૪૯૧, ૯૯૦૪૩૮૦૯૦૯
ગામ : બોરીઆવી - અમદાવાદ

## અનુમોદના... અનુમોદના... અનુમોદના...


સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ (બોકરવાડા) અમદાવાદ

**રૂા.૫૦૦૦/-** સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ કોલસાવાળા (બોકરવાડા) અમદાવાદની ચૌદમી પુણ્યતિથિ નિમિતે તેમના આત્મશ્રેયાર્થે સરલાબેન હસમુખલાલ શાહ પરિવાર હસ્તે નિલેશભાઈ, અમિતભાઈ તરફથી સાધર્મિક સહાય સ્કીમ દ્વારા અપાતા અનાજ-કરિયાણું વિગેરે ખાદ્ય સામગ્રી સાથે રોકડ રકમ આપવા માટે રૂા.૫૦૦૦/- મળ્યા છે. સદ્‌ગતે આપણા મંડળમાં ઘણી જ સેવાઓ આપેલ છે. દર્દીઓ અને સાધર્મિક ક્ષેત્રે હરહંમેશ જાગૃત રહી અને સહાયરૂપ રહેવા ઉપરાંત અનેકને પ્રેરણા કરી દર્દીઓને અને સાધર્મિકો પ્રત્યે વિશિષ્ટ લાગણી દર્શાવતા હતા. પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર:શાંતિ આપે અને પરિવારજનોને આવા સત્કાર્યો કરવાની પ્રેરણા આપે તેવી પ્રાર્થના.

## બદલાયેલા સરનામા

### અમદાવાદ

**ધવલકુમાર રમેશકુમાર શાહ............................(ભાલક)**
૪૧, સમ્યક એપાર્ટમેન્ટ, ૨૪-એ, સરસ્વતીસોસાયટી,
જૈન મરચન્ટ દેરાસર પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૮૨૪૮૫૭૫૬૯

**બ્રીજેશભાઈ ભુપેન્દ્રભાઈ શાહ.............................(ગાંભુ)**
બી-૫૦૨, શાશ્વત ફ્લેટ, પુસ્કર-૩ની સામે, પી. ટી. કોલેજ રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૮૨૫૪૬૨૬૫૧, ૯૪૨૮૭૩૧૮૪૯

**ભુપેન્દ્રભાઈ નગીનદાસ શાહ............................(ગાંભુ)**
બી/૫૦૨, શાશ્વત ફ્લેટ, પુસ્કર-૩ની સામે, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૭૨૪૪૧૩૪૧૦, ૯૩૭૭૪૩૯૦૨૯

**રમેશકુમાર જયંતીલાલ શાહ...................... ....(ભાલક)**
૪૧, સમ્યક એપાર્ટમેન્ટ, ૨૪/એ, સરસ્વતી સોસાયટી,જૈન મર્ચન્ટ
દેરાસર પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.:૯૮૨૪૬૯૬૫૦૫

**ચિરાગ રમેશકુમાર શાહ................................(ભાલક)**
૪૧, સમ્યક એપાર્ટમેન્ટ, ૨૪૨/એ, સરસ્વતી સોસાયટી,જૈન મરચન્ટ
દેરાસર પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૮૨૪૩૮૯૦૦૫.

### વડોદરા

**વસંતકુમાર નટવરલાલ શાહ..........................(કમાણા)**
ડી-૧/૩૧૩, એવરેસ્ટ ડાઈનીટી-૨, એરા સ્કુલ પાસે,
ભાયલી કાનલ રોડ, વડોદરા-૩૯૧૪૧૦. મો.: ૯૯૯૮૭૧૭૯૮૫

### આજીવન સભ્ય અમદાવાદ

**મોક્ષ રશ્મિનકુમાર શાહ.................................(ઉનાવા)**
૧૬, અરિહંત સોસાયટી, સીનેપ્રાઈડ પાછળ, કૃષ્ણનગર, અમદાવાદ.
મો.:૮૩૨૦૯૩૭૦૮૪

## ધાર્મિક સમાચાર

✼ જૈનનગર પાલડી, અમદાવાદમાં આરાધના ભવનનું નિર્માણ, પૂ.આ.ભ.શ્રી જિનપ્રભસૂરિશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી પૂ.આ.ભ.શ્રી તત્વપ્રભસૂરિશ્વરજી મ.સા.ના સદુપદેશથી માતુશ્રી શાન્તાબેન અને પિતાશ્રી મનુભાઈ શાન્તિલાલ શાહ (લણવા-અમદાવાદ)ની પુણ્યસ્મૃતિમાં તેમના સુપુત્રો શ્રી રાજેશભાઈ, શ્રી ધર્મેન્દ્રભાઈ અને શ્રી વિપુલભાઈએ પાલડીમાં તા.૧૩-૦૬-૨૦૨૫ના રોજ માતુશ્રી શાન્તાબેન મનુભાઈ આરાધના ભવનનું સ્વદ્રવ્યથી નિર્માણ કરેલ છે. આ માંગલિક પ્રસંગે પૂ.આ.ભ.નું સામૈયું, વ્યાખ્યાન બાદ આમંત્રિતોને નવકારશી કરાવવામાં આવેલી તથા મિઠાઈની પ્રભાવના કરેલી. વડીલોના આશિર્વાદ અને તેમના તરફથી મળેલ ધાર્મિક સંસ્કારો થકી તેમણે તેમની સંપત્તિનો સન્માર્ગે સદુપયોગ કરેલો છે. આ પરિવારે મણીનગરમાં પણ ધાર્મિક કાર્યોમાં ઘણો લાભ લીધેલો છે. આ આરાધના ભવન-ઉપાશ્રયનું નિર્માણ કરાવીને તેમણે અનુકરણીય પુણ્યકાર્ય કરેલ છે. જ્ઞાતિમંડળ આ પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

**ઉપાશ્રયનું સરનામું :-** માતુશ્રી શાન્તાબેન મનુભાઈ આરાધના ભવન, મૈત્રી વાત્સલ્ય ધામવાળી ગલીમાં છેલ્લો બંગલો, સંજીવની આયુ.હોસ્પિટલ પાસે, સૃષ્ટિફ્લેટની ગલીમાં, જૈનનગર, પાલડી, અમદાવાદ-૭.

✼ શ્રી મણુંદ જૈન સંઘ, પૂના છેલ્લા લગભગ ૫૦ વર્ષ થી મણુંદના શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ભગવાન ની જેઠ સુદ ૬ ની વર્ષ ગાંઠની ઉજવણી પૂના ખાતે ધામધૂમથી કરે છે. આ વર્ષે પણ શ્રી સંઘે વર્ષગાંઠની ઉજવણી પૂના ખાતે કરી હતી તા.૮/૬/૨૦૨૫,રવિવારના રોજ શ્રી સંઘે શ્રી શાંતિનાથ ભગવાન જૈન દેરાસર, સોલાપુર બઝાર, પૂના કેમ્પમાં શ્રી પંચકલ્યાણક પૂજા શ્રી ૪૭ જૈન મહિલા મંડળ દ્વારા હર્ષ ઉલ્લાસથી ભણાવવામાં આવી હતી અને ત્યારબાદ શ્રી સંઘ દ્વારા સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. પૂનાના લગભગ ૧૦૦ જેટલા નાના તેમજ મોટાઓએ લાભ લીધો હતો.

✼ શ્રી આદેશ્વર જૈન દેરાસર, વાનવડી ગામ, પૂનાની વર્ષ ગાંઠ જેઠ વદ ૧૨ રવીવાર, તા.૨૨/૬/૨૦૨૫ ના નિમિત્તે દેરાસરમાં શ્રી ૧૮ અભિષેક નું આયોજન કરવામાં આવ્યું હતું . અઢાર અભિષેક હર્ષ ઉલ્લાસથી પત્યા બાદ દેરાસરના શિખર પર ધ્વજા ફરકાવવામા આવી હતી અને ત્યાર બાદ પધારેલા સર્વે માટે સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. લગભગ ૨૦૦ જેટલા ગામના લોકોએ તેમાં ભાગ લીધો હતો.

## અવસાન-શ્રધ્ધાંજલિ


**જિજ્ઞાબેન અજયકુમાર શાહ**
ગામ : મણુંદ
હાલ : દહિસર, મુંબઈ
સ્વ. તા.૨૫-૦૫-૨૦૨૫, રવિવાર


**સુનિલભાઈ નટવરલાલ શાહ**
ગામ : પાલજ
હાલ : અંધેરી (ઈસ્ટ), મુંબઈ
સ્વ. તા.૦૫-૦૬-૨૦૨૫, ગુરુવાર


**અંજનાબેન અશોકભાઈ શાહ**
ગામ : કરલી
હાલ : ભાયંદર, મુંબઈ
સ્વ. તા.૧૮-૦૬-૨૦૨૫, બુધવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અજીતનાથાય નમઃ ॥




# હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા

બોકરવાડા નિવાસી હાલ : અમદાવાદ
ચંદ્રીકાબેન વિપિનચંદ્ર શાહની સુપૌત્રી અને
ડિમ્પિબેન હિમાંશુભાઈ શાહની સુપુત્રી

**ચિ. વૃશાલી**

એ અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ કરી
**M.S. in Information Technology** ની પદવી
**Arizona State University, Arizona U.S.A.** માંથી
એનાયત થયેલ છે.

તેની આ સફળતા બદલ અમારા સૌ તરફથી
ખૂબ ખૂબ અભિનંદન
ચિ. વૃશાલી
ઉત્તરોત્તર પ્રગતિ કરી કુટુંબ અને
સમાજનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા.





**શુભેચ્છક**

| | |
|---|---|
| હિરલબેન - અનુપભાઈ | મહેશભાઈ પ્રેમચંદ શાહ (વાંચ) |
| મીતાબેન - કુમારપાળ | સ્વ. અંજનાબેન મહેશભાઈ શાહ |
| ક્રિષ - કુશલ | કૃણાલ મહેશભાઈ શાહ |
| કહાન - મનન | ચાર્મી કૃણાલ શાહ |
| ધિહાન | વ્યાખ્યા કૃણાલ શાહ |



નિવાસ સ્થાન : **વિપિનચંદ્ર લહેરચંદ શાહ**
એફ-૧, માન સરોવર ફ્લેટ, મિરામ્બિકા રોડ, નારણપુરા,
અમદાવાદ-13. M.: 9825527604, 9825455254
Firm : **J. Vipinchandra & Co.**
1434, નાની વાસણ શેરી, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. સુનિલભાઈ નટવરલાલ શાહ (ગામ–પાલજ)

જન્મ તા.૦૯-૧૦-૧૯૬૨ • સ્વ.તા.૦૫-૦૬-૨૦૨૫

ધર્મ કદી ભૂલ્યા નહીં, દુઃખને દેખાડ્યું નહીં,
જીંદગી હતી નાની, પણ માયા મોટી લગાડી ગયા.
મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે.
એટલે જ તો મરણ કરતા સસ્મરણ વધુ યાદગાર બને છે.
પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના

**મીતાબેન સુનિલભાઈ શાહ**

ઉમંગ સુનિલભાઈ શાહ
કૃપા સુનિલભાઈ શાહ
સ્વ.વર્ષા દિલીપકુમાર શાહ

સ્તુતિ ઉમંગભાઈ શાહ
રોમીલકુમાર યજ્ઞેશભાઈ શાહ (જમાઈ)
સ્વ.દિલીપકુમાર મનસુખલાલ શાહ (જમાઈ) (ગાંભુ)

**સ્વ.રસિલાબેન નટવરલાલ હરગોવિંદદાસ શાહ પરિવાર (પાલજ)**

૧૨ નવકાર ગણવા

નિવાસ સ્થાન : બી-૪૧, પદમનગર, મોહન સ્ટુડિયો કમ્પાઉન્ડ, અંધેરી કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૯.
ઉમંગ શાહ મો.:૯૭૭૩૩૩૭૧૦૫

Firm : LABH STEELS Co.
(Shah Brothers Groups of Co.)
Address : B-41, Padam Nagar,Andheri-Kurla Road, Andheri (East), Mumbai-99. M.: 9773337105

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : info@47dashashrimali.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset , Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI